RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 19, Dt.03-04-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભ્રષ્ટ વિપક્ષી નેતાઓ ભાજપમાં જોડાતા દુધે ધોયેલા પુરવાર !



## ૨૫ ભ્રષ્ટ વિપક્ષી નેતાઓમાં ૨૩ નેતાઓ ભાજપમાં સામેલ થતાં જ ઈડી સહિતના અનેક કેસો અભેરાઈએ ચડી ગયાઃ ભાજપ વોશિંગ મશીન ચલાવે તેવા વિપક્ષના આક્ષેપને સમર્થન આપતો સ્ફોટક અહેવાલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીમાં ભ્રષ્ટાચાર સામે એક્શનને ચૂંટણી મુદ્દો બનાવીને વિપક્ષોને ભ્રષ્ટ પરિવારવાદી સહિતના લેબલ સાથે પ્રચાર કરી રહેલા ભાજપને આંચકો લાગે તથા ભ્રષ્ટાચાર મુદ્દે તેની બેવડી નીતિનો પર્દાફાશ થાય તેવો સ્ફોટક રિપોર્ટ જાહેર થયો છે.

દેશના અગ્રણી અંગ્રેજી અખબાર ઈન્ડીયન એક્સપ્રેસ દ્વારા ૨૦૧૪થી આજદિન સુધી ભ્રષ્ટાચાર મુદ્દે સીબીઆઈ એન્ફોર્સમેન્ટ વિભાગ અને આઈટી સહિતની એજન્સીઓની કાર્યવાહીનો સામનો કરી રહેલા વિપક્ષના ૨૫ નેતાઓમાં ભાજપમાં જોડાઈ ગયેલા ૨૩ નેતાઓને આ કેન્દ્રીય એજન્સીઓએ કલીનચીટ આપી દીધી હોવાનું જણાવ્યુ છે.

આ યાદીમાં કોંગ્રેસના ૧૦, એનસીપી-શિવસેનાના ચાર-ચાર તૃણમુલ કોંગ્રેસના ત્રણ, ટીડીપીના બે અને સપા તથા વાયએસઆર કોંગ્રેસના એક-એક નેતાનો સમાવેશ થાય છે. વિપક્ષો વારંવાર ભાજપને માટે વોશિંગ મશીન શબ્દનો ઉપયોગ કરે છે. જેમાં વિપક્ષના ભ્રષ્ટ નેતાઓ જેની સામે વિવિધ કેન્દ્રીય એજન્સીઓની કાર્યવાહી ચાલુ હોય છે.

તેઓ જો ભાજપમાં જોડાઈ જાય તો આ તેમની સામેના તમામ કેસ પાછા ખેંચી કલીન ચીટ આપી દેવામાં આવે છે. ઈન્ડીયન પેરા ગ્રુપના રિપોર્ટ મુજબ આ ૨૩ નેતાઓ જેઓ ભાજપમાં જોડાયા તેમાં ૨૦ની સામેના કેસની ફાઈલો હવે અભેરાઈ પર ચડી ગઈ છે અને એજન્સીઓ પણ 'ભુલી' ગઈ છે.

આ નામોને ૬ નેતાઓ હજુ હાલમાં જ ચૂંટણી પુર્વે ભાજપમાં જોડાઈ ગયા હતા. આ રિપોર્ટમાં જણાવ્યું છે કે ઈડી સહિતની કેન્દ્રીય એજન્સીઓનો ભ્રષ્ટાચાર સામેની કામગીરી ૨૦૧૪ પછી તિવ્ર બની છે અને ૯૫% કેસ ૨૦૧૪ પછી જ નોંધાયા છે જેમાં વિપક્ષી નેતાઓ ફસાયા છે.

ભૂતકાળમાં યુપીએ સરકારે માયાવતી અને મુલાયમસિંઘ સામેના કેસ સીબીઆઈએ 'બંધ' કરી દીધા હતા અથવા તો અભેરાઈએ ચડાવી દીધા હતા. ૨૦૨૨માં મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે ગ્રુપ અલગ પડયું અને તેના ૧ વર્ષમાં અજીત પવાર જૂથ અલગ પડયા અને તેના થોડા જ સમયમાં અજીત પવાર અને પ્રફુલ પટેલ જે એનસીપીના અલગ જૂથમાં ભાજપ સાથે સામેલ થયા તેની સામેના કેસ બંધ કરી દેવામાં આવ્યા હતા જે ૨૫ નેતાઓની યાદી દર્શાવી છે તેમાં ૧૨ મહારાષ્ટ્રીયન છે.

# તાઈવાનની રાજધાની તાઈપેઈમાં જોરદાર ભૂકંપઃ ૭.૫ના આંચકાથી તબાહીનું તાંડવ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

તાઈવાનની રાજધાની તાઈપેઈ બુધવારે જોરદાર ભૂકંપના આંચકાથી હચમચી ઉઠયું હતું. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૫ હતી. ભૂકંપના કારણે મોટાપાયે વિનાશ થયો છે. જેના કારણે વીજ પુરવઠો ખોરવાયો છે. સમગ્ર દેશમાં ટ્રેન સેવાઓ સ્થગિત કરી દેવામાં આવી છે. આ ભૂકંપ એટલો શક્તિશાળી હતો કે તેના પછી જાપાનના બે ટાપુઓ પર સુનામી આવી હતી.

તાઈવાનમાં ભૂકંપના કારણે અત્યાર સુધીમાં એક વ્યક્તિના મોતના અહેવાલ છે, જ્યારે પચાસથી વધુ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. કહેવામાં આવી રહ્યું છે કે આ આંકડો હજુ પણ વધી શકે છે. હજારો લોકો લાપત્તા છે.

તાઈવાનના હુઆલીનથી ભૂકંપની ઘણી તસવીરો અને વીડિયો સામે આવ્યા છે, જેમાં ઈમારતો ધરાશાયી થતી જોઈ શકાય છે. ઘણા મકાનો અને ઇમારતો પત્તાના મહેલની જેમ ધ્વસ્ત થઇ ગયા હતા. તાઈવાનમાં ભૂકંપના કારણે મોટાપાયે વિનાશ થયો છે. આ પછી દેશભરમાં ટ્રેન સેવાઓ સ્થગિત કરી દેવામાં આવી છે. આ ભૂકંપની એક તસવીર સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે, જેમાં પાંચ માળની ઈમારત નમેલી થઈ ગઈ છે.



તાઇવાન જોરદાર ભૂકંપથી હચમચી ગયું છે. અનેક લોકો ઈમારતોમાં ફસાયા હોવાની આશંકા છે. ભૂકંપના કારણે અનેક શહેરોમાં વીજળીનો પુરવઠો ખોરવાઈ ગયો હતો. તાઈવાન, જાપાન અને ફિલિપાઈન્સમાં સુનામીની ચેતવણી જારી કરવામાં આવી છે. જો કે ભૂકંપમાં હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી.

તાઈવાનમાં શાળાઓ અને સરકારી કચેરીઓને વર્ગો બંધ કરીને કામ કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે. ભૂકંપના કારણે અનેક ઐતિહાસિક ધરોહરોને પણ નુકસાન થયું છે. અહેવાલો અનુસાર, બીજા વિશ્વ યુદ્ધ પહેલા બનેલી એક શાળાને પણ નુકસાન થયું છે.

જાપાનની સૌથી મોટી એરલાઈન્સ જાપાન એરલાઈન્સે ઓકિનાવા અને કાગોશિમા વિસ્તારોમાંથી તમામ ફ્લાઈટ સેવાઓ સ્થગિત કરી દીધી છે. તાઈવાનમાં આ પ્રચંડ ભૂકંપથી પ્રભાવિત વિસ્તારોમાં સેના તૈનાત કરવામાં આવશે. ઈમારતોમાં લોકો ફસાયા હોવાની આશંકા છે.

તાઈવાનની રાજધાની તાઈપેઈના સેન્ટ્રલ વેધર એડમિનિસ્ટ્રેશનના સિસ્મોલોજી સેન્ટરના ડાયરેક્ટર વુ ચીએન ફુએ જણાવ્યું હતું કે આ ભૂકંપના આંચકા સમગ્ર દેશમાં અને આસપાસના ટાપુઓ પર અનુભવાયા હતા. ૧૯૯૯ પછી દેશમાં આવેલો આ સૌથી શક્તિશાળી ભૂકંપ હતો. તેમણે કહ્યું કે આગામી થોડા દિવસોમાં વધુ ભૂકંપ આવવાની સંભાવના છે.

# આકરી ગરમીથી બચાવવા માટે હીટવેવ એકશન પ્લાન તૈયારઃ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા પગલાં લેવાયા

## મકાનોની છત ઠંડી રાખવા, ઓઆરએસનો સ્ટોક કરવા, જાહેર સ્થળોએ કુલર રાખવા શહેર તેમજ જિલ્લા કક્ષાએ સુચના અપાઈ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતના મોટાભાગનાં ક્ષેત્રો એપ્રિલથી જુન મહિનાના ગાળામાં હીટવેવનાં સકંજામાં સપડાવવાની હવામાન ખાતાની ચેતવણીને પગલે નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી દ્વારા આકરી ગરમીથી બચાવવા માટે હીટવેવ એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

જે અંતર્ગત કુલ રૂફ (છત ઠંડી રાખવા)થી માંડીને ઓઆરએસને પર્યાપ્ત સ્ટોક રાખવા, શહેરોમાં જાહેર સ્થળોએ કુલરની વ્યવસ્થા રાખવા સહીતનાં પગલા સુચવવામાં આવ્યા છે. સાથોસાથ તાપમાનમાં ભેજ, લુ, તથા હીટ ઈન્ડેકસનાં આધારે આગાહીની એડવાઈઝરી જારી કરવામાં આવી છે.



નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી દ્વારા દેશનાં ૨૦ રાજયો તથા કેન્દ્ર શાસીત પ્રદેશોને લુ-હીટવેવ માટે સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે. ગત વર્ષોનાં ઉનાળાના કેગનાં આધારે રાજયો-કેન્દ્ર શાસીત પ્રદેશોનાં ગરમ-સંવેદનશીલ જીલ્લાઓનું લીસ્ટ પણ બનાવવામાં આવ્યુ છે.

સરકારી એજન્સીની હીટવેવ એડવાઈઝરીમાં રાજય તથા શહેરો જીલ્લા કક્ષાએ કન્ટ્રોલરૂમ ઉભા કરવા, હીટવેવની એસઓપીનો અમલ કરવા,લોકલ હીટવેવ એકશન પ્લાનનો અસરકારક અમલ કરવા, લુની સ્થિતિને ધ્યાને રાખીને ઓઆરએસનાં પેકેટનો પર્યાપ્ત સ્ટોક રાખવા, શહેરોમાં અલગ-અલગ સ્થળોએ હેન્ડપંપ વોટર કિયોસ્ક તથા કુલર મુકવા, આરોગ્ય વિભાગને સ્વાસ્થ્ય સંબંધી ગમે તેવી પરિસ્થિતિ માટે સજજ રાખવા કહેવામાં આવ્યુ છે.

# છત્તીસગઢમાં સુરક્ષા દળોનું મેગા ઓપરેશન ૧૩ નકસલીઓને ઠાર કરાયા

## જંગલમાં સર્ચ અભિયાન ચાલુઃ નકસલીઓ અને સુરક્ષા દળો વચ્ચે ૮ કલાક અથડામણ ચાલી

**મુખ્ય સમાચાર, બીજાપુર (છત્તીસગઢ)**

જિલ્લામાં ગઈકાલે ૬ વાગ્યાથી અત્યાર સુધીમાં સુરક્ષા કર્મીઓ અને નકસલીઓ વચ્ચે થયેલી અથડામણમાં ૧૩ નકસલીઓ ઠાર થયા છે અને હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુછે. સુરક્ષા કર્મીઓ અને નકસલીઓ વચ્ચે જોરદાર અથડામણ ગઈકાલે થઈ હતી.

આ અથડામણમાં હજુ સુધીમાં ૧૩ નકસલીઓ માર્યા ગયા છે. છતીસગઢના બીજાપુર જિલ્લામાં ગઈકાલે જવાનો અને નકસલીઓ ગઈકાલથી અથડામણ શરૂ થઈ ગઈ છે. આ અથડામણ સવારે લગભગ ૬ વાગ્યે શરૂ થઈ ગઈ હતી.



સુરક્ષા કર્મીઓની એક ટીમ જંગલમાં નકસલી વિરોધી અભિયાન ચલાવી રહી હતી. નકસલીઓ અને સુરક્ષા દળો વચ્ચે લગભગ ૮ કલાકે અથડામણ ચાલી હતી.

# રાહુલ ગાંધી આજે વાયનાડમાં નામાંકન દાખલ કરશે

## ભાજપના પ્રદેશ અધ્યક્ષ કે.સુરેન્દ્રન રાહુલ સામે ચૂંટણી મેદાનમાંઃ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની આવતીકાલે ભાજપના ઉમેદવારના સમર્થનમાં કરશે રોડ શો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેરળના વાયનાડમાં કોંગ્રેસના સાંસદ અને પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી આજે ૩ એપ્રિલે લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવશે. આ પહેલા રાહુલ ગાંધી આ વિસ્તારમાં રોડ શો કરશે. ઉલ્લેખનીય છે કે ગત ચૂંટણીમાં રાહુલ ગાંધીએ અહીંથી લગભગ ૫ લાખ મતોના માર્જિનથી મોટી જીત મેળવી હતી.

જોકે રાહુલ ગાંધી માટે આ વખતે વાયનાડથી ચૂંટણી આસાન નથી. સીપીઆઈના મહાસચિવ ડી.રાજાની પત્ની એ.ની રાજા આ ચૂંટણીમાં રાહુલની સામે છે. પાર્ટીએ તેમને વાયનાડથી ઉમેદવાર તરીકે ઉતાર્યા છે. બીજેપીના પ્રદેશ અધ્યક્ષ કે. સુરેન્દ્રન ભાજપ તરફથી રાહુલ સામે મેદાનમાં ઉતરશે. આ ત્રણેય મજબૂત નેતા છે.



આથી આ બેઠક પર જોરદાર ટક્કર થશે તેવું માનવામાં આવી રહ્યું છે. જો કે, રાહુલ ગાંધી આ બંને કરતા મોટો ચહેરો છે અને આ બેઠક પરથી વર્તમાન સાંસદ પણ છે.'' ભાજપમાંથી મેદાનમાં ઉતરેલા કે. સુરેન્દ્રને રાહુલ ગાંધી પર જોરદાર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, તે સારી વાત છે કે રાહુલ ગાંધી આખરે નામાંકન ભરવા માટે વાયનાડ આવી રહ્યા છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે મતવિસ્તારમાં કોઈ કામ થયું નથી.

સ્મૃતિ ઈરાનીની મુલાકાતને વાયનાડમાં રાહુલ વિરુદ્ધ બીજેપીના શંખનાદની શરૂઆત માનવામાં આવી રહી છે. અગાઉ રાહુલ ગાંધી અમેઠીથી ચૂંટણી લડતા હતા અને જીતતા હતા. પરંતુ ૨૦૧૪માં ભાજપે અમેઠીથી સ્મૃતિ ઈરાનીને મેદાનમાં ઉતાર્યા હતા. જોકે ઈરાની આ ચૂંટણી હારી ગયા હતા. પરંતુ તેણીએ પોતાની જાતને અમેઠીથી દૂર ન કરી અને અમેઠીના લોકો સાથે સતત સંપર્કમાં રહી. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ઈરાનીનો દાવો મજબૂત માનવામાં આવી રહ્યો હતો.

તેથી રાહુલ ગાંધીએ પણ ૨૦૧૯માં વાયનાડથી ઉમેદવારી નોંધાવી હતી. જયારે ચૂંટણી પરિણામો આવ્યા ત્યારે ઈરાની અમેઠીથી જીતી ગયા અને રાહુલને અહીંથી હારનો સામનો કરવો પડ્યો. જો કે રાહુલ વાયનાડમાં મોટી જીત મેળવી અને અહીંથી સાંસદ બન્યા. વાયનાડમાં બીજા તબક્કામાં મતદાન થવાનું છે. ત્યાં ૨૬મી એપ્રિલે મતદાન થશે.

# કેશલેસ થઈ રહી છે ઈકોનોમી, યુપીઆઈ પેમેન્ટમાં પ્રથમ વખત વોલ્યુમનો આંક ૧૦૦ અબજને પાર

## સમાપ્ત થયેલા નાણાં વર્ષમાં યુપીઆઈ વ્યવહારનો આંક રૂપિયા ૨૦૦ ટ્રિલિયનની નજીક

**મુખ્ય સમાચાર, મુંબઈ**

નાણાં વર્ષ ૨૦૨૨-૨૩ની સરખામણીએ સમાપ્ત થયેલા નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં દેશમાં યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ) વ્યવહારના વોલ્યુમમાં ૫૭ ટકા જ્યારે મૂલ્યની દ્રષ્ટિએ ૪૪ ટકા વધારો થયો હોવાનું પ્રાપ્ત આંકડા જણાવે છે.

નાણાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૮૪ અબજ વ્યવહાર થયા હતા જે સમાપ્ત થયેલા નાણાં વર્ષમાં પહેલી જ વખત ૧૦૦ અબજને પાર કરી ૧૩૧ અબજ જોવા મળ્યા છે. મૂલ્યની દ્રષ્ટિએ ૨૦૨૨-૨૩ના નાણાં વર્ષમાં રૂપિયા ૧૩૯.૧૦ ટ્રિલિયનની સામે નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં રૂપિયા ૧૯૯.૮૯ ટ્રિલિયનના યુપીઆઈ વ્યવહાર જોવા મળ્યા છે.




સમાપ્ત થયેલા માર્ચમાં પણ વ્યવહારમાં વોલ્યુમની દ્રષ્ટિએ ૫૫ ટકા વધારો થઈને ૧૩.૪૪ અબજ અને મૂલ્યની દ્રષ્ટિએ ૪૦ ટકા વધી રૂપિયા ૧૯.૭૮ ટ્રિલિયનના વ્યવહાર થયા છે. વ્યવહારનું સરેરાશ કદ સ્થિરપણે ઘટી રહ્યું છે જે નાની-નાની ચીજવસ્તુઓ માટે પણ યુપીઆઈનો ઉપયોગ થતો હોવાનું સૂચવે છે.

# ઈલેક્ટોરલ બોન્ડની SOP આપવાનો એસબીઆઈનો ઈનકાર, RTIની કલમનો હવાલો આપ્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય સ્ટેટ બેંકે પોતાની શાખાઓથી જાહેર કરાયેલા ચૂંટણી બોન્ડના વેચાણ અને તેની રોકડ માટે જાહેર કરાયેલી પોતાની SOPની માહિતી આપવાની ના પાડી દીધી છે. ભારતીય સ્ટેટ બેન્કે એક છઆઈના જવાબમાં વ્યાપારી ગુપ્તતા હેઠળ અપાયેલી છૂટનો હવાલો આપતા આ માહિતી આપવાની ના પાડી દીધી.

સૂચનાનો અધિકારી કાયદા હેઠળ દાખલ અરજીમાં અંજલિ ભારદ્વાજે ચૂંટણી બોન્ડના વેચાણ અને તેની રોકડને લઈને એસબીઆઈની અધિકૃત શાખાઓને જાહેર કરાયેલી જ્યડની વિગતો માંગી હતી.





એસબીઆઈના સેન્ટ્રલ પબ્લિક ઇન્ફર્મેશન ઓફિસર અને ડેપ્યુટી જનરલ મેનેજર એમ. કન્ના બાબુએ પોતાના જવાબમાં 30 માર્ચે જણાવ્યું હતુ કે, 'અધિકૃત શાખાઓને સમયાંતરે જારી કરાયેલ ઇલેક્ટોરલ બોન્ડ સ્કીમ-૨૦૧૮ના SOPએ આંતરિક માર્ગદર્શિકા છે, જેને RTIની કલમ ૮(૧) (ડી) હેઠળ મુક્તિ આપવામાં આવી છે.'

RTI કાયદાની કલમ ૮(૧)(ડી) વ્યાપારી વિશ્વાસ, વેપારની ગુપ્તતા અથવા બૌદ્ધિક સંપત્તિ સહિતની માહિતીને જાહેર કરવામાંથી મુક્તિ આપે છે, જેને જણાવવાથી પ્રતિસ્પર્ધી સ્થિતિ માટે હાનિકારક હશે. અંજલિ ભારદ્વાજે કહ્યું કે, 'એ જાણીને નવાઈ લાગી કે એસબીઆઈ ઈલેક્ટોરલ બોન્ડ વિશે મહત્વની માહિતી આપવાનો ઈન્કાર કરી રહી છે.' નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટે તાજેતરમાં ચૂંટણી બોન્ડ યોજનાને ગેરબંધારણીય ગણાવીને રદ કરી દીધી હતી.

# જામનગરમાં આઈપીએલ પર સટ્ટો રમનાર શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં મોબાઇલમાં ક્રિકેટની આઇડી પર સટ્ટો રમતા એક શખ્સને એલસીબીએ પકડી લીધો હતો, જેમાં મહેસાણાના શખ્સનું નામ ખુલ્યુ હતું.



જામનગર જીલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુએ જીલ્લામાં દારૂ જુગારની બદી નેસ્ત નાબુદ કરવા તથા જુગારધારાના કેશો શોધી કાઢવા સુચના કરતા એલસીબી પીઆઇ વી.એમ. લગારીયાના માર્ગદર્શન મુજબ પીએસઆઇ આર.કે. કરમટા પીએસઆઇ પી.એન. મોરી તથા સ્ટાફના માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.દરમ્યાન સ્ટાફના પો.કોન્સ મયુદીન સૈયદ, અરજણભાઇ કોડીયાતર તથા ક્રિપાલસિંહ જાડેજાને મળેલ બાતમી હકીકત આધારે શહેરના પટેલ કોલોની શેરી નં. ૧૦ શિવમ પ્લાઝા એપાર્ટમેન્ટ પાસે જાહેરમાં રોડ પર અમિત દિનેશ હનસોરા (ઉ.વ.૩૬) રહે. પટેલ કોલોની શેરી નં. ૧૦, શિવમ પ્લાઝા એપાર્ટમેન્ટ, જામનગરવાળો મોબાઇલ ફોનમાં એએલએલ નામની એપ્લીકેશન ડાઉનલોડ કરી હાલમાં ઇન્ડીયામાં રમાતી આઇપીએલની મુંબઇ ઇન્ડીયન્સ-રાજસ્થાન રોયલની મેચનો લાઇવ સ્કોર નિહાળી ક્રીકેટનો ડબ્બો ચલાવી જુગાર રમી રમાડી પૈસાની હારજી કરતો હોય.દરોડા દરમ્યાન રોકડા ૪૯૨૦, એક મોબાઇલ કિ. ૫૦૦૦ મળી કુલ ૯૯૨૦ના મુદ્દામાલ સાથે મળી આવતા પકડી પાડી આરોપી વિરુધ્ધ પો.કોન્સ કિશોરભાઇ પરમારે ફરીયાદ રીપોર્ટ આપતા હેડ કોન્સ. ધાનાભાઇ મોરીએ જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી હતી. એપ્લીકેશન ચાલુ કરાવી આપનાર રોનક રહે. મહેસાણાવાળાને ફરાર જાહેર કર્યો હતો.

# ખોડિયાર કોલોનીમાં ફર્નિચરની દુકાનમાં શટર ઉચકાવી રૂ. દોઢ લાખ રોકડની ચોરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ખોડિયારકોલોની વિસ્તારમાં મયુર કોમ્પલેક્ષ સ્થિત ફર્નિચરની દુકાનમાં ચોરી થઈ છે. આ દુકાનના શટરનું તાળુ તોડી તસ્કરો કાઉન્ટરમાંથી રૂપિયા દોઢેક લાખ ની રકમ ચોરી કરી લઇ ગયા હતા. જામનગરના ખોડિયાર કોલોની વિસ્તારમાં આવેલા મયુર કોમ્પલેક્ષ સ્થિત ડેકોરા ફર્નિચર નામની દુકાનમાં કોઈ તસ્કરો દુકાનના શટરનું તાળુ તોડી શટર ઉંચકાવી અંદર પ્રવેશ્યા હતા અને કાઉન્ટર નાં ખાના નું લોક તોડી નાખી અંદરથી રૂપિયા દોઢેક લાખ ની રોકડ રકમ નો ચોરી કરી લઇ ગયા હતા. આજે સવારે દુકાન સંચાલક ને ચોરી ની જાણ થતાં તેણે પોલીસને જાણ કરી હતી.આથી પોલીસ ટૂકડી તપાસ માટે દોડી ગઈ હતી. ઉપરાંત એલસીબી ની ટીમે પણ તપાસ શરૂ કરી હતી.તસ્કરો દુકાનનાં સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. આથી પોલીસે તેના ફૂટેજ મેળવી તપાસ શરૂ કરી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલાં પણ ખોડીયાર કોલોની માંજ બે દુકાન મા ચોરી થવા પામી હતી.

# મોરબીમાં રઝળતા ઢોરોનો ત્રાસઃ તંત્ર નિંદ્રામાં સરાજાહેર આખલા યુદ્ધે પત્રકારને ઉલાળીયા

## રઝળપાટ કરતાં ઢોરોને ડબ્બે ન પુરતા તંત્ર સામે જનઆક્રોશ ફાટી નીકળ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં તંત્રના પાપે રઝળતા ઢોરનો ત્રાસ એટલી હદે વધી ગયો છે કે, જ્યાં જુઓ ત્યાં ઢોરોનો જુમલો જ દેખાય છે અને ઘણીવાર આખલા યુદ્ધ થાય છે. ત્યારે સામાન્ય નાગરિકો અત્યાર સુધોમાં અસંખ્ય વખત ઢોરોની ઢીંકે ચડી ગયા હોય ત્યારે હવે જાણીતા પત્રકાર મિલન નાનકને આખલા યુદ્ધે ફંગોળી દીધા હોવાની ઘટના સામે આવી છે. જેથી તેઓને હાથ-પગ છોલાવા તેમજ મૂઢ ઇજા પહોંચી છે.



મોરબીમાં એકાદ વર્ષ પહેલાં પાલિકામાં ભાજપની બોડીની સતા હોય ત્યારે રઝળતા ઢોરના ત્રાસનો મુદ્દો બહુ જ ગાજતા અંતે ભાજપની બોડીએ લોકહિતમાં શહેરમાં એક આખી મજબૂત ટીમ ઉભી કરીને શહેરમાં રઝળતા ઢોરોને પકડની ઝુંબેશ શરૂ કરી શહેરમાં મુખ્યમાર્ગો તેમજ દરેક શેરી ગલીમાંથી એક તબબકે કુલ આશરે ૫૦૦ જેટલા રઝળતા ઢોરને ડબ્બે પુરી પંચાસર રોડ ઉપર પાલિકાની ફાજલ જમીનમાં નદીઘર બનાવીને રાખ્યા હતા. પણ ભાજપની બોડી ઝૂલટાપુલ દુર્ઘટનામાં બરખાસ્ત થતા જ અધિકારીઓના હવાલે આવેલા વહીવટમાં પાલિકાનું સ્વભંડોળ ભેદી રીતે ગાયબ એટલે તળિયા ઝાટક થવાથી નદીઘરનો નિભાવ થઈ શકે એમ ન હોય જે તે વખતે ધારાસભ્ય અમૃતિયાએ આ ૫૦૦ જેટલા નદીઓને પાંજરાપોળ ખસેડી દીધાનું જાહેર કર્યું હતું.

પણ અગાઉ જ્યારે ઢોર ઝુંબેશ શરૂ થઈ હોય ત્યારે શહેરમાં ઘણી જગ્યાએ રઝળતા ઢોર ન હોય અને ઢોરો ગાયબ દેખાયાની વચ્ચે અચાનક રાતોરાત ફરી શેરીએ ગલીએ અને રાજમાર્ગો ઉપર આવી જતા તંત્રએ નદીઘરના ઢોરોને પાંજરાપોળ ખસેડી દીધાની કેસેટ ખોટી વગાડી હોય એવું ચિત્ર સામે આવ્યું હતું. આથી ફરી એકવાર રઝળતા ઢોરો અગાઉની જેમ આખા શહેરમાં વર્ચસ્વ જમાવી દેતા આખલા યુદ્ધથી નાગરિકો ભારે પરેશાન થઈ રહ્યા છે. દરમિયાન ગઈકાલે જાણીતી ન્યુઝ ચેનલના રિપોર્ટર મિલન નાનક પોતાનું બાઇક લઈને શનાલા રોડ ઉપર માતાની દવા લેવા જઈ રહ્યા હતા. આ પત્રકાર એમની સાઈડમાં હોય અને વાહનની ગતિ પણ મર્યાદામાં હોવા છતાં તંત્ર પાપે જાણે તેમના નસીબીમાં પીડા લખી હશે એમ માની શાંતિથી બાઇક જઇ રહેલા મિલનભાઈને બાઇક સાથે ઓચિંતા જ રોડ ઉપર લડાઈ કરતા કરતા આવી ચડેલા બે આખલાઓએ ફંગોળી દીધા હતા. આ આખલા યુદ્ધ ઓચિંતા જ ધમાસણ મચાવીને રોડ ઉપર નીકળેલા બાઇક સાથે મિલનભાઈને જોરદાર રીતે પટકતા હાથે પગે ગંભીર રીતે છોલાઈ ગયા હતા. જો કે સદનસીબે જ્યારે આખલા યુદ્ધે આ પત્રકારને હડફેટે લઈ જમીન પર પટકી દેતા ત્યારે આગળ પાછળ બધા વાહન ચાલકો ઉભા રહી જતા મિલનભાઈને બાલ બાલ બચી ગયા હતા.

# મોરબીના યમુનાનગરમાં તીનપત્તી રમતા ચાર ઈસમો પકડાયા

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી બી ડિવિઝન પોલીસ ટીમે યમુનાનગર વિસ્તારમાં જુગાર રમી રહ્યા હોવાની પૂર્વ બાતમીને આધારે દરોડો પાડી તીનપત્તીનો જુગાર રમી રહેલા ચાર શખ્સોને રોકડા રૂ. ૧૭,૫૦૦/-સાથે ઝડપી લઇ જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી જીલ્લા પોલીસવડા રાહુલ ત્રિપાઠી દ્વારા જીલ્લામા દારૂ તથા જુગારની બદી દુર કરવા કડક સૂચના કયારેક હોય જે અનુસંધાને મોરબી બી ડિવિઝન પોલીસ સ્ટાફ તે અંગેની કામગીરીમાં પ્રયત્નશીલ હોય ત્યારે મોરબી બી ડિવિઝન પોલીસ મથકના સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન પૂર્વ બાતમીને આધારે યમુનાનગરમાં દરોડો પાડતા યમુનાનગર શેરી નં.૪ ની પાછળની સાઈડમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા રસુલશા હાજીશા શાહમદાર ઉવ.૩૧ રહે.વજેપર ગેબનશાપીરની દરગાહ પાસે મોરબી, મોસીન મેહબુબભાઇ પઠાણ ઉવ.૩૬ રહે.સીપાઇ શેરી ગઢની રાંગ પાસે મોરબી, ગોવિંદભાઇ પ્રભુભાઇ સંથલીયા ઉવ.૩૩ રહે.ઘુટુ જુના ગામ તા.જી.મોરબી, જયંતીભાઇ સવજીભાઇ કાવથીયા ઉવ.૫૦ રહે મહેન્દ્રનગર નવા પ્લોટમાં મોરબીને જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૧૭,૫૨૦/-સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. આ સાથે પકડાયેલ ચારેય આરોપીઓ વિરુદ્ધ મોરબી બી ડિવિઝસન પોલીસ મથકમાં જુગારધારા હેઠળ કેસ રજી. કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી કોર્ટમાં કાજલ હિન્દુસ્તાની સામે બદનક્ષીનો દાવો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

સુરત જિલ્લામાં તાજેતરમાં યોજાયેલા સ્નેહ મિલનમાં કાજલ હિન્દુસ્તાનીએ પટેલ સમાજને ટાર્ગેટ કરી અને સમાજની દીકરીઓ વિરુદ્ધ એકદમ નિમ્ન કક્ષાનું કહી શકાય એવું ઘસાતું અને ભડકાઉ ભાષણ આપતા પટેલ સમાજ આઘાતથી સ્તબ્ધ થયો છે. ત્યારે હવે મોરબી પાટીદાર સમાજની દીકરીઓ વિશે સુરતમાં જાહેરમાં ટિપ્પણી કરનાર કાજલ હિન્દુસ્તાનીની મુશ્કેલીઓ વધી શકે છે. મોરબી પાટીદાર સમાજના આગેવાનો દ્વારા કાજલ હિન્દુસ્તાની વિરુદ્ધ બદનક્ષીનો દાવો દાખલ કરવાની અરજી કોર્ટમાં દાખલ કરવામાં આવી છે.



મળતી માહિતી અનુસાર, કાજલ હિંદુસ્તાની દ્વારા પાટીદાર દીકરીઓ પર આપેલા વિવાદીત નિવેદનને લઈ પાટીદાર સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે આ વિવાદીત નિવેદન મુદ્દે મોરબી પાટીદાર સમાજના આગેવાનો દ્વારા કાજલ હિન્દુસ્તાની વિરુદ્ધ માનહાનિનો દાવો દાખલ કરવાની અરજી દાખલ કરવામાં આવી છે. કાજલ હિન્દુસ્તાની પાટીદાર સમાજની દિકરીઓ વિશે ટિપ્પણી કર્યા બાદ માફી ના માંગતા પાટીદાર સમાજમાં વિરોધ કરવામાં આવી રહ્યો છે. અને મોરબીમાં પાટીદારોએ મહારેલી યોજીને વિરોધ દર્શાવ્યો હતો. ત્યારે મનોજ પનારા સહિતના પાટીદાર આગેવાનો દ્વારા કાજલ હિન્દુસ્તાની સામે બદનક્ષી નો દાવો નોંધાવવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.

# તા.૧૯મીથી રાજકોટમાં દિક્ષા મહોત્સવ

## ૨૧ વર્ષનો સુશિક્ષિત યુવાન સંયમના માર્ગે પ્રયાણ કરશેઃ મુંબઈમાં સ્નાતક થયેલ યુવાન દિક્ષા ગ્રહણ કરશે

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** ૨૧ વર્ષની ઉમર હરવા-ફરવા અને કારકિર્દીની ઉમર ગણાય પરંતુ રાજકોટના જૈન પરિવારના તેજસ્વી યુવાને ભૌતિક મોહ માયાને છોડી સંયમનો માર્ગ અપનાવ્યો છે. જીમીતકુમાર કહે છે કે વેપાર-ધંધામાં આપણે લાંબા ગાળાના લાભ વિચારીએ છીએ, સંયમનો માર્ગ કદિથયે ન ખૂટે એવા સુખની અનુભૂતિનો માર્ગ છે.



રાજકોટમાં ભગવાન મહાવીરના જન્મ કલ્યાણકના મંગલદિન તા.૨૧ એપ્રિલના રોજ માતૃ વૈશાલીબેન અને પિતા મનીષભાઈના પુત્ર તેમજ પરિનભાઈના લઘુબંધુ જીમીતકુમાર ૨૧ વર્ષની યુવાવયે સમસ્ત ભૌતિક સુખ-સાધનોનો ત્યાગ કરી પ્રવજ્યા પંથે પ્રયાણ કરી રહ્યા છે. આ નિમિતે આચાર્ય યશોવિજયસૂરીશ્વર મહારાજ પણ રાજકોટ આવી પહોંચ્યા છે. અગાઉ પણ મહારાજની નિશ્રામાં રાજકોટના બે યુવાનો સંયમ ગ્રહી ચૂક્યા છે. પ્રહલાદ રોડ પર વિશા શ્રીમાળી વાડીની સામે પ્રભાદેવી જે.નારાયણ પુસ્તકાલય ગ્રાઉન્ડ પર આયોજીત આ દિક્ષા મહોત્સવમાં નગરના વિવિધ સંઘોમાં વરસીદાનની શોભાયાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં તા. ૧૯ એપ્રિલના ધવલ વસ્ત્રો ઉપર કેસર છાંટણાનો કાર્યક્રમ ત્યાર બાદ તા.૨૦ એપ્રિલના વરસીદાન શોભાયાત્રા અને તા.૨૧મી એપ્રિલના સવારે ૫:૦૦ વાગ્યાથી પ્રવજ્યા વિધીનો પ્રારંભ કરવામાં આવશે.

# મોરબી બાર એસોશિયેસન દ્વારા નવનિયુકત ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજને વેલકમ કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ પી.સી.જોશીની પોરબંદર મુકામે બદલી થયેલ હોય અને તેમના સ્થાને દેવધરા સાહેબે ચાર્જ સંભાળતા મોરબી બાર એસો. દ્વારા નવા નીમાયેલા ડીસ્ટ્રીકટ જજ શ્રી દેવધરા સાહેબની વેલકમ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું.




મોરબી કોર્ટ ખાતે નવા પાલનપુરથી બદલી થઈને આવેલા ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ દેવધરા સાહેબનું મોરબી બાર એસોના પ્રમુખ દિલીપભાઈ અગેચણીયા તથા તમામ હોદ્દેદારો દ્વારા વેલકમ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું જે પ્રસંગે બાર એસો પ્રમુખે વેલકમ સ્પીચ આપી હતી અને એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ મહીડા સાહેબ, બુદ્ધ સાહેબ, જાડેજા સાહેબ અને ફેમીલી જજ તેમજ ગઢવી સાહેબ દ્વારા પ્રસંગને અનુરૂપ સંબોધન કરવામાં આવ્યું હતું. જીલ્લા સરકારી વકીલ જાની સાહેબ તથા સંજયભાઈ દવે દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે બાર એસો પ્રમુખ દિલીપભાઈ અગેચણીયા, ઉપપ્રમુખ ટી બી જોષી, સેક્રેટરી વિજય શેરશીયા, જોઈન્ટ સેક્રેટરી ઉદયસિંહ જાડેજા, સહિતના હોદેદારો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરની વી.એમ.મહેતા કોલેજમાં મતદાન જાગૃતિ અંગે કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા સંચાલિત વી.એમ.મહેતા મ્યુનિ. આર્ટ્સ કોમર્સ કોલેજ દ્વારા SVEEP અંતર્ગત મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કોલેજમાં અભ્યાસ કરતાં મતદારોમાં મતદાન જાગૃતિ લાવવા માટે વિદ્યાર્થીઓએ એકપાત્રિય અભિનયો રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓએ પોતાના અભિનય દ્વારા મતદારોને પોતાનો કિંમતી મત આપવા માટે અપીલ કરી હતી અને પોતાના મતાધિકારોથી માહિતગાર કર્યા હતા.સમગ્ર કાર્યક્રમ સંસ્થાના આચાર્ય ડો. જી. બી. સિંહના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન ડો.ભારતીબેન સોલંકી તથા ડો. દર્શિતાબેન દવેએ તથા આભારદર્શન ડો.ભાવનાબેન ગરેજાએ કર્યું હતું.



# મોરબીના મકનસર ગામ નજીકથી યુવાન વિદેશી દારૂની બે બોટલ સાથે પકડાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબી તાલુકાના મકનસર ગામ નજીક અપેક્ષ સીરામીકની સામે સર્વિસ રોડ ઉપરથી ભારતીય બનાવટની મેકડોવેલ્સ નં.૦૧ ડીલકસ વ્હિસ્કી ઓરીઝન ૭૫૦ મી.લી.ની કંપની શીલપેક બોટલ નંગ-૦૨ સાથે આરોપી જતીનભાઇ કાનજીભાઇ મુછડીયા ઉવ.૨૦ હાલ રહે-ધર્મમંગલ સોસાયટી,મકનસર ગામ મુળરહે-મોટીબરાર તા.માળીયા મી જી.મોરબીને તાલુકા પોલીસે ઝડપી લઇ પકડાયેલ આરોપી સામે પ્રોહિબિશન એક્ટની કલમ હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કચરાના ઢગલામાંથી નવજાત શિશુ મૃત હાલતમાં મળી આવ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં નાગેશ્વર પાર્કમાંથી નવજાત શિશુ મૃત હાલતમાં મળી આવતા ચકચાર જાગી છે. જામનગરના નાગેશ્વર વિસ્તારમાં આવેલા નાગેશ્વર પાર્કમાં કચરાના ઢગલા પાસે મંગળવારે સવારે એક નવજાત શિશુ મૃત હાલતમાં પડ્યું હોવાની જાણ થતાં પોલીસ દોડી ગઇ હતી. આ સમયે ત્યાં પડેલા મૃતદેહને શ્વાન ઢસડી જતો હતો ત્યારે તેના પર કોઈની નજર પડી હતી. પોલીસે મૃતદેહનો કબજો સંભાળ્યો છે. આ બાળક અધૂરા મહિને જન્મ્યું હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. પોલીસે તે ત્યાં કોણે ફેંક્યું? તેની તપાસ શરૂ કરી છે





# ખંભાળિયા પંથકમાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં હાલ ચૂંટણીને અનુલક્ષીને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ સ્થાનિક પોલીસ મથકના ઇન્ચાર્જ બી.જે. સરવૈયાના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા તાલુકાના કજૂરડા ગામે આવેલી સરકારી સ્કૂલ પાસે રહેતા સુરેશ ધનાભાઈ ડગરા નામના ૪૨ વર્ષના શખ્સ દ્વારા પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં પોતાના અંગત ફાયદા માટે નાલ ઉઘરાવી અને ચલાવતા જુગારના અખાડામાંથી પોલીસે આરોપી સુરેશ ડગરા સાથે તેજા પાલા ડગરા, માલસી ખેતા ઢચા, વિજય આલા માતંગ અને પુના ભુરા રાઠોડ નામના પાંચ શખ્સોને દબોચી લીધા હતા.પકડાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂપિયા ૪૮,૮૦૦ રોકડા તથા રૂપિયા ૬,૦૦૦ ની કિંમતના ત્રણ નંગ મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૫૪,૮૦૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી.આ સમગ્ર કાર્યવાહી પી.આઈ. બી.જે. સરવૈયા, હેડ કોન્સ્ટેબલ ખીમાભાઈ કરમુર, જેઠાભાઈ પરમાર, દિવ્યરાજસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ જાડેજા, યોગરાજસિંહ ઝાલા તથા કાનાભાઈ લુણા દ્વારા કરવામાં આવી હતી.



# વાંકાનેર જીનપરા જકાતનાકા નજીકથી ૩૨૦ લીટર દેશીદારૂ ભરેલ છોટાહાથી સાથે બે શખ્સોની અટક

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર સીટી પોલીસે જીનપરા જકાતનાકા નજીકથી સુપર કેરી વાહનમાં દેશી દારૂની હેરાફેરી કરતા બે રાજકોટના શખ્સોને ઝડપી લઇ દેશીદારૂનો ૩૨૦ લીટર જથ્થો તથા દેશીદારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લીધેલ સુપર કેરી વાહન સહીત ૧,૦૬,૪૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઇ બંને શખ્સો સામે વાંકાનેર સીટી પોલીસ મથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર વાંકાનેર સીટી પોલીસ તેઅમન બાતમી મળી હતી કે એક છોટાહાથી જેવા વાહનમાં દેશીદારૂનો મોટો જથ્થો બાઉન્ડ્રી તરફથી વાંકાનેર સાઇડથી પસાર થવાનો હોય જે મુજબની મળેલ બાતમીને આધારે વાંકાનેર જીનપરા જકાતનાકા નજીક વોચમાં હોય તે દરમિયાન બાઉન્ડ્રી નેશનલ હાઇવે તરફથી છોટાહાથી જેવું સુપરકેરી વાહન રજી.જીજે-૦૩-બીવાય-૫૪૬૬ આવતા તેને રોકી સુપર કેરી વાહનની તલાસી લેતા પ્લાસ્ટિકના ૧૬ નંગ બાચકામાં ૩૨૦લીટર દેશી દારૂનો જંગી જથ્થો મળી આવ્યો હતો. આ સાથે સુપર કેરી વાહન ચાલક આરોપી વિકીભાઇ બટુકભાઈ સોલંકી ઉવ.૩૦ રહે.રાજકોટ પોપટપરા સેન્ટ્રલ જેલ પાછળ તથા સુપર કેરી વાહનમાં ચાલકની બાજુમાં બેઠેલ આરોપી ભરતભાઈ હરિભાઈ જાડેજા ઉવ.૫૨ રહે.રાજકોટ કૂબલીયાપરા શેરી નં.૫ ની સ્થળ ઉપરથી અટકાયત કરવામાં આવી હતી. પોલીસે સુપર કેરી વાહન તથ્ય દેશી દારૂના જથ્થા સહીત કુલ કિ.રૂ.૧,૦૬,૪૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી બંને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી. એક્ટ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


# મોરબીમાં પેપરમીલમાં નાઈટશિફ્ટ કરી સુતેલા શ્રમિક યુવાનનું લોડર હડફેટે મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રંગપર ગામ નજીક આવેલ ઓરાજોન પેપરમીલમાં નાઇટશિફ્ટ કામ કરી સુતેલ શ્રમિક યુવાનને લોડર ચાલકે હડફેટે લેતા લોડરનું તોતિંગ વ્હીલ યુવાન ઉપર ફરી વળતા ગંભીર ઇજાઓને કારણે તેનું મોત નીપજ્યું હતું.

સમગ્ર બનાવની મળતી માહિતી અનુસાર મોરબી તાલુકાના રંગપર ગામની સીમમાં આવેલ ઓરાજોન પેપરમીલ કારખાનામાં નાઇટશિફ્ટ પુરી કરી મૂળ ઉત્તરપ્રદેશ રાજ્યનો વતની શ્રમિક યુવાન મુકેશભાઇ ઉર્ફે. મુનેશભાઇ ઉવ.૧૮ ગત સવારે પેપરમીલ કારખાનામાં આવેલ વજનકાંટા પાસે સૂતો હોય ત્યારે તે દરમ્યાન લોડર રજી. નંબર GJ-36-S-1952 વાળાના ચાલકે આજુબાજુ જોયા વગર પોતાના હવાલાવાળુ લોડર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી શશ્રમિક મુનેશભાઇના શરીર ઉપર લોડરનુ વ્હીલ ફેરવી દેતા મુનેશભાઈને ખભામા, મસલમા તથા શરીરે ગંભીર ઇજા પહોંચતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. સમગ્ર બનાવ અંગે મૃતક શ્રમિક યુવાનના પિતા લાલારામભાઇ રામસુખભાઇ રવીદાસ ઉવ.૪૪ રહે.હાલ ઓરાજોન પેપરમીલના લેબર ક્વાટરમા મુળરહે.ભીટારી તા.મઉ જી.ચિત્રકુટ(યુ.પી.)એ આરોપી લોડરનો ચાલક શીવબાબુ ગણેશપ્રસાદ રેદાસ ઉવ-૨૦ રહે.હાલ ઓરાજોન પેપરમીલ મુળરહે.ચકગોરા તા.માનીકપુર પંચાયત રાઇપુરા જી.ચીત્રકુટ (યુ.પી) વિરુદ્ધ મોરબી તાલુક પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી લોડર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

## ઠંડા ઠંડા કૂલ કૂલ.....'બાથ ટબ'નું ધૂમ વેચાણ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

હોળી-ધૂળેટીના તહેવારો બાદ રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને આંબી ચુકયો છે ત્યારે ગરમીથી પરેશાન લોકોએ ઠંડા પીણાનો સહારો લીધો છે સાથે સાથે બાળકો માટે 'મીની બાથટબ' ગણાતા પ્લાસ્ટીકના ટબનું વેચાણ પણ વધ્યું છે. રેસકોર્ષ પર શ્રમજીવી વર્ગ વારા આ ટબ વેચાઈ રહ્યા છે.

## ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ હેઠળ અરજદારોને ૩૬૨ મોબાઈલ પરત અપાયા









**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય ગાંધીનગરના ''તેરા તુજકો અર્પણ'' ઝુંબેશ હેઠળ પોલીસ હેડ ક્વાટર તાલીમ ભવન ખાતે રાજકોટ શહેર દ્વારા ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમનું આયોજન રાખવામાં આવેલ હતું. જેમાં રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હાજરીમા પોલીસ હેડ ક્વાટર તાલીમ ભવન ખાતે પ્રજાજનોની બહોળી ઉપસ્થીતીમા યોજવામાં આવેલ.

જેમાં છેલ્લા ત્રણ મહિનામાં રાજકોટ શહેર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ/ચોરાયેલ મોબાઈલ ફોનની ફરિયાદ/અરજી મળતી હોય છે જે ફરિયાદ/અરજી ઉપરથી "CEIR" પોર્ટલ તથા હ્યુમન સોર્સિસનો ઉપયોગ કરી ગુમ/ચોરાયેલ મોબાઈલ ફોનને શોધી કાઢવામાં આવેલ છે. જેમાં સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ના મોબાઇલ- ૨૨૦ જેની કિંમત ૩૬,૩૯,૧૧૨/- તેમજ અન્ય પોલીસ સ્ટેશન મળી કુલ-૩૬૨ મોબાઈલ ફોન જેની કુલ કિ.રૂ.૫૯,૪૪,૭૯૭/- ની રકમના મોબાઈલ ફોન તેમના માલિકોને પરત આપવામાં આવેલ.

તેમજ છેલ્લા ત્રણ મહિના દરમ્યાન રાજકોટ શહેરમા સાયબર પોસ્ટે ખાતે CID ક્રાઇમ ગાંધીનગર ખાતેથી મળેલ અરજીઓમાં ફ્રોડમાં ગયેલ રકમ બેંકમા પુટઓન હોલ્ડ કરાવી જે તે અરજદાઓની ફ્રોડ મા ગયેલ રકમ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન દ્વારા ૧,૬૮.૮૬,૪૮૧/- તેમજ રાજકોટ શહેરના અન્ય પોલીસ સ્ટેશનો મળી નામદાર કોર્ટમા મારફતે રીફન્ડ હુકમ કરાવી કુલ રકમ રૂ.૧,૭૬,૫૯,૪૩૪/- પરત અપાવેલ છે. રાજકોટ શહેર પોલીસ દ્વારા મોબાઇલ ફોન તથા સાયબર ફ્રોડની રીફંડ રકમ મળી કુલ રૂ.૨,૩૬,૦૪,૨૩૧/- (બે કરોડ છત્રીસ લાખ ચાર હાજર બસો એકત્રીસ) પરત અપાવેલ છે.

## નવાગામની રંગીલા સોસાયટીમાં બંધ મકાનમાંથી રૂા.૩.૨૫ લાખ મતાની ચોરી

### પોસ્ટ ઓફિસના કર્મચારીએ કરીયાવર માટે રાખેલા દાગીના પણ તસ્કરો ઉઠાવી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉનાના અને હાલ નવાગામ રંગીલા સોસાયટી પાસે નવીન રેસીંડન્સીમાં રહેતા અને દિવ પોસ્ટ ઓફ્સિમાં પોસ્ટલ આસીસ્ટન્ટ તરીકે નોકરી કરતા માધાભાઈ ઝડાભાઈ ઝાલા (ઉ.વ. ૫૨)એ કુવાડવા રોડ પોલીસમાં ૩,૨૪,૯૦૦ની ચોરી અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે તે પરિવાર સાથે ગત ૩૦ તારીખે વતન આટો મારવા ગયા હતા મારી દીકરીના આગામી ૧૦ મેંના રોજ લગ્ન નક્કી થયા હોય દાગીના અનાજની કોઠીમાં રાખ્યા હતા આજે સવારે પાડોશીએ ફોન કરી ઘરના તાળા તૂટેલા છે તેમ કહેતા રાજકોટ આવીને ઘરમાં તપાસ કરતા સામાન વેરવીખેર હાલતમાં હતો આથી ઘરમાં તસ્કરોએ પરોણા કર્યા હોવાનું તેમજ ચોરીમાં કોઈ જાણભેદુ હોવાની આશંકા વ્યક્ત કરી છે ઘરમાંથી તસ્કરો સોનાનો હાર, સોનાના બે પેન્ડલ, સોનાની ત્રણ જોડી બુટ્ટી, એક ઓમ, નાકના ૪ દાણા, સોનાની પટ્ટીવાળા પાટલા, સોનાની ૪ પાટલી, સોનાની ૪ વીટી, બે જોડી ચાંદીની પાયલ, બે માછલી, એક મોબાઈલ સહીતની મત્તા ચોરી થઇ ગયાનું જણાવતા પીઆઈ વી આર રાઠોડ સહિતે તપાસ હાથ ધરી છે.

## બાબરામાં વડલીવાળી મેલડીમાંના મંદિરે ૮મીએ માતા-પિતા વિનાની ૩૬ દીકરીના ભવ્ય સમૂહલગ્ન

### દીકરીઓને કરિયાવરમાં ટીવી,ફ્રીઝ અને કરીયાણાની કીટ અપાશેઃતા.૧૦ના મેલડી માતાજીનો માંડવો






**મુખ્ય સમાચાર, રાજકોટ**

શ્રી વડલીવાળી મેલડીમાના સાનિધ્યમાં આગામી ૮ એપ્રિલના રોજ ભવ્ય સમૂહ લગ્નનું તેમજ રૂક્ષ્મણી વિવાહનું આયોજન મેલડી માતાજીના ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા કરવામાં આવ્યું છે. તેમના દ્વારા આ ત્રીજા સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં અમરેલી જિલ્લાના બાબરા તાલુકાની માતા-પિતા વિહોણી ૩૬ જેટલી દીકરીઓ પ્રભુતામાં પગલાં માંડશે.

બાબરામાં સમગ્ર પંથક તેમજ સૌરાષ્ટ્રમાં આસ્થા નું સ્થાન ધરાવતા એટલે અહીં નિલવડા રોડ પર આવેલ શ્રી વડલીવાળી મેલડી માંનું મંદિર અહીં દર વર્ષે ધાર્મિક તેમજ સામાજિક અને પર્યાવરણના કાર્યો થતા રહે છે.મંદિરના કર્તા હર્તા તેમજ માતાજીના ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા મંદિરમાં વિવિધ યજ્ઞો તેમજ સપ્તાહ, માતાજીના માંડવા તેમજ સમૂહલગ્ન, વૃક્ષારોપણ સહિત સામાજિક અને પર્યાવરણલક્ષી કર્યો પણ કરવામાં આવી રહી છે.

અહીં શ્રી વડલીવાળી મેલડીમાંના સાનિધ્યમાં આ વર્ષે તા.૮થી ૧૦ એપ્રિલ સુધી ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો યોજાશે.જેમાં સમૂહલગ્ન, રૂક્ષ્મણી વિવાહ, માતાજીનો માંડવો, માતાજીની રથયાત્રા સહિતના ભવ્ય અને દિવ્ય કાર્યક્રમ યોજાશે.અહીં ત્રણ દિવસ સુધી ભજન, ભકિત અને ભોજનનો ત્રિવેણી સંગમ સર્જાશે. તા. ૮ એપિલના રોજ આયોજિત ભવ્ય સમૂહલગ્ન અને રૂક્ષ્મણીવિવાહની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે.અહીં તાલુકાની માતા-પિતા વિહોણી ૩૬ જેટલી દીકરીઓ પ્રભુતામાં પગલાં માંડશે.સમૂહલગ્નના આયોજક રાજુભાઈ જેઠવા દ્વારા દીકરીઓના પાલક પિતા બની કન્યાદાન કરશે તેમજ રૂક્ષ્મણી વિવાહમાં બાબરા તાલુકાના આહીર સમાજ દ્વારા ઠાકોરજીની ભવ્યજાન જોડી પરણવા આવશે.



મેલડી માતાજીના ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા જણાવ્યું હતું કે,સમૂહલગ્નમાં ભાગ લેનાર દરેક દીકરીઓને કરિયાવર અર્પણ કરી દેવામાં આવ્યો છે.જેમાં વરને શેરવાની, કન્યાને પાનેતર અને ચણીયા ચોલી,કંકોત્રી,શ્રીફળ એનાયત કરવામાં આવ્યું હતું.આ સિવાય કન્યાઓને કરિયાવરમાં શેટી પલંગ, ફ્રીઝ, કલર ટીવી, કુલર સહિત વાસણ સામગ્રી તેમજ પાંચ મણ ઘઉં, તેલના ડબ્બા સહિત પૂરતા પ્રમાણમાં કિરાણા કીટ સહિતનો કરીયાવર તમામ દીકરીઓને અર્પણ કરવામાં આવ્યો છે.દીકરીને કરીયાવરમાં એકપણ વસ્તુની ખોટના આવે તેની પૂરતી કાળજી લેવામાં આવી છે.

## રાજકોટ જિલ્લામાં જન-જન સુધી મતદાનનો સંદેશો પહોંચાડવાનું અભિયાન

### રાજકોટ ગ્રામ્ય, ગોંડલ, ઉપલેટા, ધોરાજી અને જસદણ વિસ્તારમાં મતદાનની જાગૃતિ ફેલાવવાનો અનોખો પ્રયાસ







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષીના નેતૃત્વ હેઠળ અને અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન. કે. મુછારના દિશાનિર્દેશ અનુસાર ચૂંટણી તંત્ર દ્વારા લોકસભા ચૂંટણીમાં મહત્તમ મતદારો સહભાગી બને, તે માટેના અસરકારક પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યાં છે. જેના ભાગરૂપે સ્વીપ નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શન મુજબ જન-જન સુધી મતદાનનો સંદેશો પહોંચાડવાની કવાયત કરવામાં આવી રહી છે.

રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મતદાર વિભાગમાં કોટડાસાંગાણી તાલુકાના શાપરમાં ધરતી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ ખાતે લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪માં મતદાન કરીને લોકશાહીના પર્વમાં ભાગ લેવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ ચૂંટણીલક્ષી બાબતો સમજાવીને મત આપવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. તેમજ મતદાનની ઓછી ટકાવારી ધરાવતા વાવડી વિસ્તારના મતદાન મથક નં. ૧૩૮, ૧૩૯ તથા ૧૪૩ ખાતે મતદાનના મહત્વની સમજ આપવામાં આવી હતી અને મતદાનમાં મહિલાઓની ભાગીદારી વધે, તે માટે મતદાન કરવા અપીલ કરીને શપથ લેવડાવવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, ગોંડલ, ઉપલેટા અને ધોરાજી તાલુકાઓમાં ૫૦% કરતા ઓછું મતદાન થયેલું હોય છે તેવા વિસ્તાર તેમજ પુરુષ અને સ્ત્રી જાતકોના મતદાનમાં ૧૦% કરતા વધુ તફાવત રહેલો હોય તેવા વિસ્તારમાં અધિકારીઓ-કર્મચારીઓએ ઘરે-ઘરે મુલાકાત લઈને મતદારોને જાગૃત કરવામાં આવ્યા હતા. તેમજ મહિલાઓની મતદાનમાં ભાગીદારી વધે, તે માટે ખાસ કરીને મહિલાઓને મતદાનની પ્રક્રિયા અંગે જાણકારી આપીને મત આપવા માટે સમજાવવામાં આવ્યા હતાં. આ માટે ધોરાજી મતદાર નોંધણી અધિકારીશ્રી જે. એન. લીખિયાના અધ્યક્ષસ્થાને બૂથ લેવલ ઓફિસર તથા સુપરવાઇઝરની બેઠક યોજાઈ હતી.

વધુમાં, ઉપલેટા તાલુકાના ભાયાવદર શહેર ખાતે જાહેર સ્થળોએ મતદાન જાગૃતિના બેનર તથા હોર્ડિંગ્સ લગાવીને મતદારોને જાગૃત કરવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. તેમજ જેતપુર તાલુકાના વિરપુર ગામે આવેલા માવતર વૃદ્ધાશ્રમ ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વડીલોને મતાધિકારનો ઉપયોગ કરવા પ્રેરણા પૂરી પાડી હતી.

વિશેષમાં, જસદણ વિધાનસભા મતદાર વિભાગમાં આસ્થા શૈક્ષણિક સંકુલ ખાતે ધોરણ ૯ના વિદ્યાર્થીઓએ મતદાન પ્રક્રિયાની નાટ્યાત્મક રજૂઆત કરી હતી. જેમાં મતદાનની પદ્ધતિ શીખવવામાં આવી હતી. મતદાર ઓળખ પત્રનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંચાલકો અને શિક્ષકો પણ જોડાયા હતા. આમ, ૧૦ - રાજકોટ સંસદીય મતવિસ્તારમાં આવેલા શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ કાર્યક્રમો યોજીને મતદાન અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવી રહી છે.

## જેતપુર-લોધિકા-રાજકોટમાં ઓછા મતદાનવાળા વિસ્તારોમાં વિશેષ મતદાન જાગૃતિ ઝુંબેશ હાથ ધરાઈ

### વિદ્યાર્થીઓને સાથે રાખી રેલી યોજાઈ, ગામ લોકોને મતાધિકારનું મહત્વ સમજાવાયુંઃ તલાટીઓને આંગણવાડીની બહેનો સાથે વ્યાપક મતદાન જાગૃતિ ઝુંબેશની સૂચના





**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં સ્વીપ (સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) હેઠળ મતદાન જાગૃતિના પ્રયાસો ચાલી રહ્યા છે. આ સાથે ગત ચૂંટણીમાં ઓછું મતદાન થયું હતું તેવા લો વોટર ટર્નઆઉટ વાળા વિસ્તારોમાં મતદાન વધારવા માટે વિશેષ ઝુંબેશ ચલાવાઈ રહી છે.

જે અંતર્ગત, આજે ૭૪- જેતપુર (જામકંડોરણા) વિધાનસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ બરડીયા ગામમાં ઓછું મતદાન થતું હોય તેવા વિસ્તારોમાં હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ તથા ગામલોકોને સાથે રાખીને મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને મામલતદાર શ્રી કે.બી.સાંગાણીએ નાગરિકોને લોકશાહીમાં મતદાનનું મહત્વ સમજાવ્યું હતું. આ તકે વિદ્યાર્થીઓ તથા ગામ લોકોને સાથે રાખીને મતદાન માટે પ્રેરિત કરતા સૂત્રોચ્ચાર સાથે રેલી યોજવામાં આવી હતી. જેનાથી ગામમાં મતદાન અંગે ઉત્સાહનો માહોલ બન્યો હતો.

જ્યારે લોધિકા તાલુકામાં લો વોટર ટર્ન આઉટ વિસ્તારોમાં મતદાન વધારવા તાલુકા પંચાયત કચેરી ખાતે બેઠક યોજવામાં આવી હતી. જેમાં વિવિધ ગામના તલાટીઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, સી.ડી.એચ.ઓ.અને તાલુકા આરોગ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ગામની મહિલાઓને મતદાન પ્રત્યે જાગૃત કરવા કાર્યક્રમનું આયોજન કરી જાણ કરવા, તલાટી કમ મંત્રીઓને સૂચના આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આશાવર્કર બહેનો, આંગણવાડીના સંચાલકશ્રીઓ અને બી.એલ.ઓ.ના સંકલનમાં રહીને કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી.

ઉપરાંત ૭૪- જેતપુર વિધાનસભા મત વિસ્તારમાં, ઉમરાળી કુમાર તથા કન્યા પ્રાથમિક શાળા, તેમજ જેતપુર શાળા નંબર-૦૩, ૦૬, ૧૨, ૧૫, ૧૭ ઉપરાંત હરિપર પ્રાથમિક શાળા, અમરનગર કન્યા પ્રાથમિક શાળા વગેરે શાળાઓમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જ્યારે ૬૬ ટંકારા વિધાનસભા મત વિસ્તારના પડધરી તાલુકાના હડમતિયા તથા વણપરી ગામ ખાતે બાળ વિકાસ યોજના અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને આંગણવાડી કાર્યકરો, આંગણવાડી સુપરવાઈઝર સાથે મતદાર જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ સાથે આગામી લોકસભા ચૂંટણીમાં અચૂક મતદાન કરવા અંગે શપથ લેવામાં આવ્યા હતા. ઉપરાંત કચેરીમાંથી કરવામાં આવતા-જાવકના કાગળો તથા તાલુકા કક્ષાએથી જનસેવા કેન્દ્ર તથા ઈ ધરા ખાતેથી આપવામાં આવતી સેવાઓના કાગળો ઉપર મતદાન કરવાની અપીલ કરતા સ્ટેમ્પ લગાવાયા હતા.

૭૦-રાજકોટ દક્ષિણ વિધાનસભા મત વિસ્તારમાં આવેલા પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય- કરણપરા ચોક સંચાલિત ફરતી લાઇબ્રેરી વાન દ્વારા મતદારોને અચૂક મત આપવા માટે પ્રેરિત કરતા બેનર તથા પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## અવસર લોકશાહીનો...અવસર મારા ભારતનો

## રાજકોટ ખાતે ઈલેકશન આઈકોન ચેતેશ્વર પુજારા સાથે 'વોટીંગ પ્રીમિયર લીગ' કાર્યક્રમમાં યુવા મતદારોએ કરી ગોષ્ઠિ

### દેશ માટે મત આપવો અને રમવું એ બંને ગૌરવપ્રદ ક્ષણો છેઃ ચેતેશ્વર પૂજારા









**મુખ્ય સમાચાર, રાજકોટ**

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વીપ અંતર્ગત વોટીંગ પ્રીમિયર લીગ કાર્યક્રમ યોજાયો હતો.જેમાં ઇલેક્શન આઈકોન આંતરરાષ્ટ્રીય ક્રિકેટર ચેતેશ્વર પુજારા સાથે વિવિધ શાળા, કોલેજોના યુવા મતદારોએ ગોષ્ઠિ કરી હતી. ઈમ્પીયરીયલ પેલેસ હોટલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમના પ્રારંભે યુથ આઇકોન પુજારા તથા મહાનુભાવોએ બેટ બોલનું કર્ટન રેઝર કરી પ્રતીક રૂપે નસ્ત્રવોટીંગ પ્રીમિયર લીગસ્ત્રસ્ત્રનો પ્રારંભ કરાવ્યો હતો.

કલેક્ટર પ્રભવ જોશીએ સૌ ઉપસ્થિતોને આ ઉમદા કાર્યમાં યોગદાન અને પ્રોત્સાહન આપવા માટે બિરદાવ્યા હતાં તેમજ યુવા મતદારોને સંબોધતા કહ્યું હતું કે, મતાધિકારને ''ટેકન ફોર ગ્રાન્ટેડ'' અને હળવાશથી લેવો ન જોઈએ. આપણા દેશની જીવંત લોકશાહીને લીધે આપણને સૌને આ અધિકાર પ્રાપ્ત થયો છે. આ અધિકાર પ્રત્યે જાગ્રત થઈને આપણે સૌએ અચૂક મતદાન કરવું જોઈએ. આપણા પાડોશી દેશો તરફ નજર કરીએ તો તમામ દેશો લોકશાહીના અભાવે કે નબળી લોકશાહીના લીધે ગૃહયુદ્ધ, સૈન્ય સંચાલિત રાજ્ય, કે રાજાશાહી ધરાવે છે. એક ભારતીય તરીકે આપણે ગર્વ લઈ શકીએ કે આપણો દેશ સૌથી મોટી જીવંત લોકશાહી છે.

પવોટીંગ પ્રીમિયર લીગ-વોટકા દમ વિથ ચેતેશ્વર પુજારાસ્ત્રસ્ત્ર કાર્યક્રમમાં વિવિધ કોલેજના વિદ્યાર્થીઓએ પ્રથમ વખત મતદાન સમયે બુથની જાણકારી, વોટર આઇ.ડી. મળ્યું ન હોય તો વોટિંગ કરી શકાય?, મતદારને હેલ્પ થઈ શકે તે માટે ઉપયોગી એપ્સ, પ્રથમ વખતનો મતદાનનો અનુભવ, મતદાનના આઇ.ડી.માં ફેરફાર તથા બોર્ડર પર ફરજ બજાવતા સૈનિકો કઈ રીતે વોટ આપે છે, તેવા વિવિધ પ્રશ્નો ઇલેક્શન આઈકોન શ્રી ચેતેશ્વર પુજારા તથા કલેક્ટરશ્રી - રાજકોટને પૂછ્યા હતા. આ પ્રશ્નોના પ્રત્યુતરમાં કલેક્ટરશ્રીએ વોટર હેલ્પલાઇન, સક્ષમ, નો યોર પોલિંગ સ્ટેશન જેવી એપ્લિકેશન તથા સર્વિસ વોટરના બેલેટ મતદાન વગેરે વિશે માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં ધોળકિયા શાળાના બાળકો દ્વારા ઇલેક્શન એન્થમ'' મૈ ભારત હું.. ભારત હૈ મુજ મે'' ગીત પર કઠપૂતળી રૂપે નૃત્ય પ્રદર્શન કરી મતદાનના મહત્વને સમજાવ્યું હતું. આ તકે દિવ્યાંગ આઈકોન શ્રી શૈલેષભાઈ પંડ્યા તથા થર્ડ જેન્ડર આઇકોન રાગીણીબેન પણ જોડાયા હતા. સૌ ઉપસ્થિતોએ મતદાન કરવાના શપથ લીધા હતા. ઉલ્લેખનીય છે કે, કાર્યક્રમમાં પોલીસ કમિશ્નરશ્રી રાજુ ભાર્ગવ,

પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી નવનાથ ગવ્હાણે, અધિક નિવાસી કલેટરશ્રી ચેતન ગાંધી, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી સ્વપિનલ ખરે,

અધિક કલેકટર અને સ્વીપના નોડલ ઓફિસરશ્રી જીજ્ઞાસા ગઢવી,

જિલ્લા પૂરવઠા અધિકારીશ્રી રાજેશ્રી વંગવાણી, પ્રાંત અધિકારીશ્રી ચાંદની પરમાર, જિલ્લા રમતગમત અધિકારી શ્રી વી.પી.જાડેજા, મામલતદારશ્રીઓ, અધિકારીશ્રીઓ, પ્રથમ વખત મતદાન કરનાર યુવા મતદારો, ક્રિકેટ રસિકો ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન રેડ એફ.એમ અને રાજકોટની રાણી તરીકે પ્રખ્યાત આર.જે. ઈશિતા દ્વારા કરવામાં આવ્યું હતું.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટ સહિત અનેક જિલ્લાઓમાં બાઈક ચોરી કરતી બેલડી ઝડપાઈ

## ક્રાઈમ બ્રાંચની ટીમે અમરેલી અને વિરપુરના બે શખ્સોને દબોચી લઈ ૧૭ વાહન ચોરીના ભેદ ઉકેલી રૂા.૬.૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમી આધારે રાજકોટ, શાપર, ગોંડલ અને જુનાગઢમાંથી હેન્ડલ લોક વિનાના ૧૭ બાઈક ડાયરેક્ટ કરી ઉઠાવી લઇ સસ્તા ભાવે વેચી દેનાર અમરેલી અને વીરપુરના બે શખસોને દબોચી લઈ ૬.૭૫ લાખના ૧૭ ચોરાઉ બાઈક કબ્જે કરી ૧૬ ગુનાના ભેદ ઉકેલી નાખ્યા છે અમરેલીનો સુત્રધાર અગાઉ જુનાગઢમાં ૫ ગુનામાં પકડાઈ ચુક્યો છે.



રાજકોટમાં વાહનચોરીના ગુનાઓ ડિટેક્ટ કરવા ક્રાઈમ બ્રાંચ પીઆઈ એમ આર ગોંડલીયા અને ટીમ પેટ્રોલીંગમાં હતી દરમિયાન સ્ટાફના પીએસઆઈ પરમાર, ગોપાલભાઈ સહીતનાને મળેલી બાતમી આધારે મું અમરેલીના ખાંભા ગાયકવાડી ગામનો અને હાલ ગોંડલ સડક પીપળીયા ગામે રહેતા મુકેશ લાભુભાઈ મારડિયા ઉ.૪૦ને બાઈક સાથે અટકાવી બાઈકના ડોક્યુમેન્ટ માંગતા ગલ્લા તલ્લા કરવા લાગતા તપાસ કરતા આ બાઈક ચોરીનું હોવાનું જાણવા મળતા આગવી ઢબે પુછતાછ કરતા ભાંગી પડયો હતો અને પોતે બાઈક ચોરી કરી મૂળ વિરપુરના હાલ ગુંદાસરા ગામે રહેતા આશિષ વલ્લભભાઈ કાપડીને ૧૦-૨૦ હજારમાં વેચી નાખ્યા હોવાની કબૂલાત આપી હતી.

પ્રાથમિક પૂછતાછમાં મુકેશએ રાજકોટના ભકિતનગર પોલીસ વિસ્તારમાંથી ૩, તાલુકા અને માલવિયાનગર વિસ્તારમાંથી ૨-૨, શાપરમાંથી ૩, ગોંડલ બી ડીવીઝન અને સીટી પોલીસમાંથી ૨-૨, ગોંડલ તાલુકા વિસ્તારમાંથી ૧, જુનાગઢમાંથી ૧ અને એક બાઈક ગુંદાસરામાંથી મળી ૧૭ બાઈક ચોરી કર્યાની કબૂલાત આપતા તેનાસાગરીત આશિષની પણ ધરપકડ કરી ૬.૭૫ લાખના ૧૭ ચોરાઉ બાઈકની ચોરી કરી હતી મુકેશ મેગવ્હીલવાળા બાઈક કે જેમાં હેન્ડલ લોક ન હોય તેવા બાઈક થોડે સુધી દોરવીને લઈ જઈ ડાયરેક્ટ કરી ચોરી કરતો હોવાનું અને મોટાભાગે હોસ્પિટલ બહારથી ઉઠાંતરી કરતો હોવાનું જાણવા મળ્યું છે મુકેશ સામે અગાઉ ૫ ગુના નોંધાઈ ચુક્યા છે ૨૦૧૧માં જૂનાગઢ પોલીસે પકડ્યો ત્યારે ૨૭ બાઈક કબ્જે કર્યા હતા.

# સાળી–બનેવીના પ્રેમમાં પડી, લગ્ન કરવાની ના કહેતા યુવતીએ ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું

## એરપોર્ટ રોડ પર ઝુંપડપટ્ટીમાં બનેલો બનાવઃ પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના એરપોર્ટ રોડથી બજરંગવાડી તરફ જતા રસ્તામાં ઝુંપડામાં રહેતા યુવકને તેની જ પત્નીની સગી નાની બહેન સાથે આંખ મળી ગઈ અને બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો અને આ સંબંધ પાંચ મહિના સુધી ચાલ્યો બંને વચ્ચે મીઠી મીઠી વાતો થવા લાગી અને પછી આ વાતની જાણ થઈ યુવતીના પરિવારને આ મામલે માથાકૂટ થવાને બદલે યુવતીના પરિવારે તેમના જમાઈને કહ્યું તમે મારી એક દીકરીને સાચવી છે હવે આ પણ તમે સંભાળો અને કાંઈક નિર્ણય લો જેથી જમાઈએ પણ કહી દીધું કે હું બંનેને એક સાથે રાખી શકું નહીં જેથી આઘાતમાં આવેલી યુવતીએ આજે વહેલી સવારે પોતાના ઘરે જ ઝેરી દવા પી લઈ



આપઘાત કરી લીધો હતો. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

આ અંગેની માહિતી મુજબ એરપોર્ટની પાછળ ઉગતા પોરની મેલડી માતાજી મંદિર નજીક ઝુંપડા બાંધી મજૂરી કામ કરતા પરિવારની ૧૫ વર્ષની દીકરી ભારતી શૈલેષ વાઘેલાએ સવારે ઝેરી દવા પી લેતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.ત્યાં તેમનું મોત નીપજ્યું હતું.ભારતી બે ભાઈ ચાર બહેનમાં બીજા નંબરની તેમજ પિતા ફુગા વેચી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના પરિવારે આક્ષેપો સાથે વિગતવાર વાત જણાવતા કહ્યું હતુ કે, તેમની મોટી દીકરી અરુણાના બુધાભાઈ પરમાર સાથે એક વર્ષ પહેલાં જ લગ્ન થયા હતા. તે સાવરકુંડલા રહે છે. બુધાભાઈ અવાર નવાર રાજકોટ અવર જવર કરતા અને અહીં તેમના સાસરિયાઓ સાથે મોબાઈલથી વાતો કરતા હોય તેમને તેમની સગી સાળી ભારતી સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો અને આ સંબંધ લગભગ પાંચેક મહિનાથી ચાલતો હતો તેવામાં આ સબંધની જાણ ભારતીના માતા પિતાને થઈ હતી. તેમજ ભારતી સાથે વાત કર્યા બાદ તેમના જમાઈ બુધાને કોલ કરી કહ્યું કે તમે મારી એક દીકરીને સંભાળી છે તો મારી નાની દીકરીને પણ સાચવો પરંતુ જમાઈએ ભારતીને સ્વીકારવાની ના પાડી દેતા ભારતી આઘાતમાં સરી પડી હતી અને તેણીએ તેમના પરિવારની પરવાહ કર્યા વગર ઝુંપડામાં જ ઝેરી દવા પી પોતાનો જીવ આપી દીધો હતો. ભારતીના મોતથી પરિવારમાં અરેરાટી મચી ગઇ છે.

## કોટેચા ચોકમાં કાર બંધ પડી જતા ટ્રાફિક જામ થયો



(તસ્વીરઃ આનંદ જાવિયા)

શહેરના ગૌરવ પથ કાલાવડ રોડ પર આવેલા કોટેજા ચોકમાં આજે સવારે અચાનક જ એક ટાવેરા કાર રોડની વચ્ચોવચ બંધ પડી જતા ટ્રાફિકની સમસ્યા સર્જાઇ હતી જેના પગલે ટ્રાફિક ના વર્ડન તથા અન્ય વાહન ચાલકોએ બંધ પડેલી કારને ધકો મારી રોડની સાઈડમાં કરતા ટ્રાફિક હળવો થયો હતો

# દમણથી રાજકોટ પહોંચે તે પહેલાં દારૂ ભરેલુ આઈસર મોરબી એલસીબીએ ઝડપી લીધુ

## વાંકાનેર બાઉન્ડ્રી પાસે આઈસરમાં એક શખ્સની ધરપકડ કરી રૂા.૨૪.૦૨ લાખનો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

ચોટીલા અમદાવાદ હાઇવે પાસે વાંકાનેર બાઉન્ડ્રી નજીકથી મોરબી એલસીબી ટીમ દ્વારા વિજય હોટલ પાસે રોડ પરથી આઈ સર વાહનમાંથી વિદેશી દારૂ તથા બિયરના જંગી જથ્થા સાથે એક, શખ્સની ધરપકડ કરી હતી. પોલીસે આયાસર ઝડપી જડતી લેતા તેમાંથી ૧૩.૯૦ લાખના દારૂ બિયરના મસમોટા જથ્થો મળી આવતા દારૂ, બિયર, મોબાઈલ તથા રોકડ રકમ તથા આઈસર મળી કુલ ૨૪.૦૨ લાખ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડયો હતો.



મોરબી એલસીબી ટીમને મળેલ ખાનગી બાતમી મળી હતી કે અમદાવાદ તરફથી એક આઇસર વાહન નંબર GJ 15 AX 0194 રાજકોટ તરફ જતુ હોય જેમાં વિદેશી દારૂ-બીયરનો જથ્થો ભરેલ હોય જેના આધારે પોલીસે વાંકાનેર બાઉન્ડ્રી નજીક ડ્રાઈવર વિજય હોટલ સામે વોચ ગોઠવતા ઉપરોકત બાતમી વાળું આઇસર નિકળતા તેને રોકી તલાશી લેતા તેમાંથી રૂ. ૧૩,૯૦,૮૦૦ની કિંમતની અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો તથા બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે વિદેશી દારૂ-બિયરના જથ્થા તથા આઇ સર ગાડી, એક મોબાઇલ તથા રોકડ રકમ સહિત કુલ રૂ. ૨૪,૦૨,૩૦૦ ના મુદ્દામાલ સાથે આરોપી સુભાષસીંગ કેદારસીંગ રાજપુત (ઉ.વ. ૩૪, રહે. બિહાર) ની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ સાથે જ આ બનાવમાં ઝડપાયેલ આરોપીની પૂછપરછમાં માલ મોકલનાર અન્ય આરોપી હેમંતભાઈ પટેલ (રહે. દમણ) તથા માલ મંગાવનાર જે પણ વ્યક્તિના નામ ખુલે ફોટો મુકેશ પંડ્યા તેની સામે પણ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# થોરાળા વિસ્તારમાં ગૃહ ઉદ્યોગની જેમ ચાલતા દેશી દારૂના અડ્ડા પર પોલીસ ત્રાટકી

## પોલીસે ભઠ્ઠી, ૫૧૦૦ લીટર આથા ઉપર જેસીબી ફેરવી દઈ નાશ કર્યોઃ ૫૮૦ લીટર દારૂ સાથે ૩ મહિલા સહીત પાંચની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

થોરાળા પોલીસે સવારે દેશી દારૂનું પીઠું ગણાતા કુબલીયાપરામાં ડ્રાઈવ યોજી ૫૮૦ લીટર દારૂ સાથે ત્રણ મહિલા સહીત પાંચની ધરપકડ કરી દેશી દારૂની ભઠ્ઠી અને આથા ઉપર જેસીબી ફેરવી દઈ નાશ કરવામાં આવતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.



રાજકોટ થોરાળા પોલીસ મથકના પીઆઈ એન જી વાઘેલાની રાહબરીમાં પીએસઆઈ જે એમ પરમાર સહિતનાઓએ વહેલી સવારે કુબલીયાપરામાં જેસીબી સાથે દરોડો પાડયો હતો અચાનક પોલીસના દરોડાથી સવારે દેશી દારૂની ભઠ્ઠીઓ ઉતારતા બુટલેગરોમાં નાશભાગ મચી ગઈ હતી પોલીસે મહેશ મનુભાઈ દલવાણીને ૩૦૦ લીટર દારૂ, ૨૫૮૦ લીટર આથો સહિત ૧૧,૮૮૦ના મુદામાલ સાથે, રવિ વિનુભાઈ સોલંકીને ૨૪૦ લીટર દારૂ, ૨૫૨૦ લીટર આથો સહીત ૧૦,૩૨૦ના મુદામાલ સાથે, શ્રદ્ધાબેન શૈલેશભાઈ પરમારને ૧૦ લીટર દારૂ સાથે, રંભાબેન મનોજભાઈ સોલંકીને ૧૫ લીટર દારૂ સાથે અને અનુબેન કિશનભાઈ સોલંકીને ૧૫ લીટર દારૂ સાથે ઝડપી લઈ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી પોલીસે પ્રથમ વખત દેશી દારૂનું દુષણ ડામવા જેસીબીની મદદ લીધી હતી વોકળામાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ તેમજ ૫૧૦૦ લીટર આથા ઉપર જેસીબી ફેરવી નાશ કર્યો હતો પોલીસે લાલ આંખ કરતા દેશી દારૂના ધંધાર્થીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો આગામી દિવસોમાં પણ દેશી દારૂની ડ્રાઈવ યથાવત રહેશે તેવું જાણવા મળ્યું છે.

# મહીકા ગામે પરશુરામ ખોડિયાર આશ્રમના મહંતનું બેભાન હાલતમાં મોત

## દેવપરામાં આંબેડકર ગેઈટ પાસે બેભાન થઈ જતા પોપટપરાના રિક્ષા ચાલકનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં મહીકા ગામે આવેલા આશ્રમના મહંતનું રાત્રિના સૂતા બાદ હૃદય રોગના હુમલાથી મોત નીપજ્યું હતું. અને બીજા બનાવમાં પોપટપરામાં રહેતો રિક્ષાચાલક યુવાન કોઠારીયા રોડ નજીક આંબેડકર ગેઈટ પાસે હતો ત્યારે બેભાન થઈ ઢળી પડતા તેનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું હતું.



આ અંગેની માહિતી મુજબ શહેરની ભાગોળે આવેલા મહીકા ગામમાં પરશુરામ ખોડીયાર આશ્રમમાં રહેતા મહંત નારણદાસ સ્વરૂપચંદ સરસ્વતી(ઉ.વ.૬૨) રાત્રે સૂતા બાદ વહેલી સવારે તેમના સેવક દ્વારા ઉઠાડવા જતા મહંત બેભાન હાલતમાં જણાતા તેમને સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.અને અહી ફરજ પરના તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કર્યા હતા.અને હૃદય રોગનો હુમલો આવી ગયાનું જણાવ્યું હતું. જ્યારે બીજા બનાવમાં પોપટપરા વિસ્તારમાં રહેતા મહેબૂબ હસમ રાઉમાં નામનો યુવાન ગઇકાલે પોતાની રીક્ષા હંકારીને કોઠારીયા રોડ, આંબેડકર ગેઈટ પાસે ગયો હતો અને ત્યાં મિત્રો સાથે વાતચીત કરતાં તે બેભાન થઈ ઢળી પડતા એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો પરંતુ તેનું સારવાર મળે તે પૂર્વે જ મોત નીપજ્યું હતુ. જેથી ગઇકાલે બે લોકોના હૃદય રોગના હુમલાથી મોત નિપજતા ચકચાર મચી જવા પામી છે.

# સિવિલ હોસ્પિટલમાં બાઈક ચોરવાનો પ્રયાસ કરનાર શખ્સને સિકયુરિટીએ દબોચી લીધો

## પ્ર.નગર પોલીસને જાણ કરતા પોલીસે અટકાયતી પગલા લઈ કાર્યવાહી કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સિવિલ હોસ્પિટલમાં ફરી એક બાઇક ચોર ચોરી કરતો રંગે હાથ પકડાયો હતો. હોસ્પિટલના સિક્યુરિટી સ્ટાફે તેને પકડી અને લંધાર્યો હતો. બાદમાં પ્ર. નગર પોલીસને જાણ કરવામાં આવી હતી અને પ્ર. નગર પોલીસનો સ્ટાફ દોડી આવ્યો હતો અને તેને પીસીઆર વાનમાં નહિ પરંતુ પોતાના ટુ-વ્હીલરમાં બેસાડી પોલીસ સ્ટેશને લઇ જઈ અટકાયતી પગલાં લઇ બાદમાં જવા દીધો હતો.



મળતી માહિતી મુજબ ગઇકાલે બોપરના સમયે સિવિલ હોસ્પિટલના બન્સ વિભાગ પાસેના પાર્કિંગમાં એક શખ્સ કોઈ અન્યની બાઈકમાં ચાવી નાખીને બાઇક ચાલુ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો.ત્યારે તેને ફરજ પરના સિક્યુરીટી ગાર્ડે જોઈ જતાં તસ્કરે ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તે સિક્યુરિટી ગાર્ડના હાથમાં આવી ગયો હતો અને પ્રથમ તો ગાર્ડે તેના પર પોતાના હાથ સાફ કરી લીધા હતા અને ઘટનાની જાણ પ્ર.નગર પોલીસને જાણ કરતાં પોલીસ સ્ટાફ દોડી આવ્યો હતો અને આ શખ્સને તેનું નામ પૂછતાં પોતે પરેશ વાઘેલા હોવાનું જણાવ્યું હતું.

બાદમાં આ બાઇક ચોરને પોલીસ સ્ટાફ દ્વારા પીસીઆર વાનમાં નહીં પરંતુ એક્ટીવામાં બેસાડીને પોલીસ સ્ટેશને લઇ ગયા હતા. અને તેના વિરુદ્ધ અટકાયતી પગલાં લઈને તેને જવા દીધો હતો. હવે જો આવા શખ્સો વિરુદ્ધ કોઈ કડક કાર્યવાહી ન કરવામાં આવે તો તે ફરી બાઇક ચોરીને અંજામ તો આપવાના જ છે. જેથી આવા તસ્કરો સામે કડક કાર્યવાહી કરી જેલ હવાલે કરવાથી સિવિલ હોસ્પિટલમાં થતી બાઇક ચોરીને અટકાવી શકાઈ છે.

# કુવાડવા પાસે દ્વારકાધીશ પેપર કંપનીમાં ભીષણ આગઃ લાખોનું નુકસાન

## ૮૦ ફૂટ રોડ પર ગુજરાત ગેસની લાઈનમાં આગ લાગતા ફાયરની ટીમે કાબૂ મેળવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં બે સ્થળે આગની ઘટના બનવા પામી હતી. જેમાં કુવાડવા રોડ પર આવેલી શ્રીનાથજી ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં દ્વારકાધીશ પેપર નામની ફેકટરીમાં વિકરાળ આગ ભભૂકી ઉઠી હતી. જો કે ફાયરની ટીમ દ્વારા આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. અને આ આગની આ ઘટનામાં લાખોનું નુકશાન થયાનું જાણવા મળ્યું હતું. અને બીજા બનાવમાં ૮૦ ફુટ રોડ પર ગુજરાત ગેસ લાઈનમાં આગ લાગતા ફાયર ટીમે તાત્કાલિક કાબૂ મેળવી લીધો હતો.

મળતી વિગતો મુજબ, કુવાડવા રોડ પર શ્રીનાથજી ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં આવેલી દ્વારકાધીશ પેપર પ્રા.લી નામની કંપનીમાં લગતા કરનાર " શ્રમિકોએ ફાયર સેફ્ટીના સાધનો વડે આગ બુજાવાનો પ્રયાસ કર્યો હતો અને થોડી વારમાં જ બેડી ફાયર બ્રિગેડની ટીમ પણ અહીં પહોંચી ગઈ હતી. અને આગ પર કાબૂ મેળવ્યો હતો.ઘટનાને લઈ ફેકટરીના માલિક કિશનભાઈ વાઢેર પણ અહીં પહોંચી ગયા હતા અને જણાવ્યા મુજબ, અહીં ફેક્ટરીમાં પેપર કટિંગની કામગીરી થાય છે આગની આ પેપર મિલના મશીનરી વિભાગમાં લાગી હતી જેમાં ૧૫૦ ટન સિલિકોન કટીંગ, કાગળ ઉપરનું કોટિંગ પેપરનો માલ, અંદરનું વાયરીંગ તથા કેમિકલ સળગી ગયું હતુ. આગની આ ઘટનામાં અંદાજિત લાખોનું નુકસાન થયું હોવાનું માલુમ પડું છે.

સદભાગ્યે કોઈ જાનહાની થવા પામી ન હતી આગ કયાં કારણોસર લાગી હતી તે જાણી શકાયું નથી. જ્યારે અન્ય બનાવમાં પપૈયાવાડી વિસ્તારમાં ગોકુલ ચોક પાસે ૮૦ ફુટ રોડ પર ગુજરાત ગેસ લાઈનમાં આગ લાગવાની ખબર મળતા મવડી ફાયર બ્રિગેડની ટીમ અહીં પહોંચી હતી અને ગુજરાત ગેસ સર્વિસ રેગ્યુલર લેટર પોઇન્ટમાં આગ વધારે ફેલાતા અટકાવી હતી તેમજ ગેસ લાઇન બધ કરી દેવામાં આવી હતી.

# ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં પોલીસ કમિશનરે રોલ કોલ લઈ સ્ટાફને જરૂરી સૂચનાઓ આપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર આવેલા ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ગઈકાલે સાંજના ખુદ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ જોઈન્ટ પોલીસ કમિશનર વિધિ ચૌધરી અને સજન સી પરમાર સહિતનો અધિકારીઓ દ્વારા રોલ કોલ લેવામાં આવ્યું હતું અને આગામી લોકસભા ની ચૂંટણી ના પગલે જરૂરી સૂચનાઓ સ્ટાફને આપવામાં આવી હતી પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે આગામી લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ નું મતદાન તારીખ ૭ મે ના રોજ યોજાના હોય હાલ માં આદર્શ આચાર સંહિતા અમલમાં છે ત્યારે મતદાનની પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે યોજાય તેમ જ ચૂંટણીની સંવેદનશીલતા ને લક્ષમાં રાખી આદર્શ ફરજ બજાવવા તેમજ લાલચ લોભ પક્ષપાત કર્યા વગર શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી યોજાઈ તે અર્થે ફરજ બજાવતા પોલીસ અધિકારીઓ કર્મચારીઓ ને સૂચના આપી માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ



# સાધુ વાસવાણી રોડ પર આરએમસી કવાર્ટરમાં ચારિત્ર્ય પર શંકા કરી મહિલા પર પાડોશીનો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સાધુ વાસવાણી રોડ ઉપર આરએમસી ક્વાટરમાં બે દીકરીઓ સાથે રહેતા અને બ્યુટી પાર્લર ચલાવતા ૪૦ વર્ષીય મહિલાએ તેના જ આવાસ ક્વાટરમાં રહેતા સોનમબેન ગોહિલ, સોનલબેન ગોસ્વામી, સાગર અને મનોજ સામે ધોકાથી મારકૂટ કરી, ધમકી આપવા અંગે યુનીવર્સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૨૩ તારીખે મારી દીકરીને બોર્ડની એક્ઝામ હોય તેણી વાંચતી હતી ત્યારે સોનમ અને સોનલ બંને જોત જોરથી વાતો કરતા હોય ડીસ્ટર્બ થતા મેં દરવાજો ધક્કો મારીને બંધ કરી દીધો હતો જેથી તેણે ઝઘડો કરતા મેં પોલીસમાં અરજી કરી હતી હું આવજા કરતી ત્યારે આ તો ધંધા વાળી છે તેવી સોસાયટીના માણસોને વાતો કરતી હતી દરમિયાન ૨૪ તારીખે બપોરે ઘરે આવી બહાર નીકળ કહેતા હું બહાર જતા ઉપરોક્ત ચારેયએ તારા ઘરે અજાણ્યા માણસો આવે છે તું ખરાબ ધંધા કરે છે કહી બદનક્ષી કરી અરજીનો ખાર રાખી ગાળો ભાંડી ધોકો માથામાં મારી દીધો હતો બે લોકોએ મને પકડી રાખી ઢીકાપાટુનો માર માર્યો હતો મારી દીકરી બચાવવા પડતા તેને પણ ઈજા થઈ હતી અને જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી હોય ફરિયાદ નોંધાવતા પીએસઆઈ એચ વી પટેલએ તપાસ હાથ ધરી છે.